જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૮/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૫૮૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૫૯ કેસ કરી ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૯૮૪ લીટર દેશી દારૂ, ૭૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૦ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયરટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૮૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૫૯૦/૧૭

**વટવા :** સજી વર્ગીશ સેમ્યુઅલ (ઉ.વ.૫૩)(રહે,આશાપુરી રેસીડેન્સી મંથન એપાર્ટમેન્ટ નજીક વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૧/૨૦૧૭ થી તા.૧૭/૦૨/૨૦૧૭ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) નતાશા શર્મા (૨) મિસ.ઇસ્થેર મોરગ્થેમન તથા (૩) અમલ બકીન એ ભેગામળી સજી નાઓને કેનેડામાં સેફટી ઓફીસર તરીકે નોકરી અપાવવાની લાલચ આપી, ખોટા નામના ઇ-મેલનો ઉપયોગ કરી, જુદા-જુદા કારણો બતાવી સજી પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૬,૦૩,૮૫૦/- મેળવી લઇ, કોઇ નોકરી નહીં અપાવી સજી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી બી.જી.વસાવા ચલાવે છે.

ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૧૫૯૧/૧૭

**આનંદનગર :** ગૌરાગભાઇ મહેન્દ્રભાઈ દવે (રહે, ગાંધીપાર્ક કોલેજ રોડ, નડીયાદ જીલ્લો-ખેડા) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૮/૧૭ ના કલાક ૨/૪૫ વાગ્યાનાં સુમારે આનંદનગર શ્યામલબ્રીજ નીચે, રજતકમલ ફ્લેટમાં આવેલ ગૌરાંગભાઇની દુકાન નં.૨ તથા દુકાન નં.૧૮ નું તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમા પ્રવેશ કરી, દુકાનમાંથી કુલ રૂપિયા ૫૮,૨૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એફ.એ.પારગી ચલાવે છે.

નજર ચુકવી ચોરી :- સમાચાર યાદી નં.૧૫૯૨/૧૭

**ખોખરા :** નિશાંત જીતેંદ્રભાઈ પાંડે (ઉ.વ.૨૭)(રહે,ક્રીશ હોમ્સ ગેલેક્ષી કોરલની સામે, આર.ટી.ઓ.રોડ વસ્ત્રાલ) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૮/૧૭ બપોરના ૩/૪૫ થી ૪/૧૫ વાગ્યા દરમ્યાન ખોખરા ઈલાજ ક્રોસીંગ થી હાટકેશ્વર સર્કલ શ્રીરામ આઈસ્ક્રીમની દુકાન સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક અને તેમાં બેસેલ અજાણ્યા સ્ત્રી અને પુરૂષ (૫૦ થી ૬૦ વર્ષના આશરાના) તથા એક છોકરો (૨૭ વર્ષના આશરાનો) ભેગામળી નિશાંતભાઇની માતાના ગળામાં પહેરેલ સોનાની ચેઈન કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- મત્તાની નજર ચુકવી ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી આર.એસ.ત્રિવેદી ચલાવે છે.

આત્મહત્યા :- સમાચાર યાદી નં.૧૫૯૩/૧૭

**શહેરકોટડા :** મોહનભાઇ મોતીજી મેઘવાલ (ઉ.વ.૪૨) (રહે,વણઝારાવાસ અનીલ વકીલની ચાલી પ્રેમનગર મેમ્કો) નાઓને કામ-કાજ મળતુ ન હોઇ ટેન્શનમાં આવી જતાં તા.૦૫/૦૮/૧૭ નાં કલાક ૭/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ શંકરભાઇ ચલાવે છે.

**બાપુનગર :** મુકેશભાઈ પુનમભાઈ પટણી(ઉ.વ.૨૭)(રહે,બસ સ્ટેન્ડ પાસે, ગુ.હા.બોર્ડ, બાપુનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૫/૦૮/૧૭ નાં કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સુતરીની દોરી ઘરના મોભા ઉપર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જે.વી.રાણા ચલાવે છે.

**નિકોલ :** નેહાબેન ઉર્ફે સોનલ ડો/ઓ ગોવિંદભાઇ પટણી (ઉ.વ.૨૦)(રહે,પાટણનગર લીલાનગરની અંદર ખોડીયારનગર નિકોલ) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૪/૦૮/૧૭ ના કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાની છેલ્લા દશ વર્ષની માનસિક બીમારીથી કંટાળી જઇ, લીલાનગર એમ્બોડરીના કારખાનામાં બાથરૂમમાં પડેલ એસીડ પી જતાં, સારવાર અર્થે તેમને શારદાબેન હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃતજાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સુરવિરસિંહ છત્રસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.